# નશો ઉતારવો



- સિંધવ મીઠું અને સૂંઠ વાટી તેમાં લીંબુનો રસ મેળવી ચાટવાથી ભાંગનો નશો ઉતરે છે.
- છાશ પીવાથી ભાંગનો નશો ઉતરે છે.
- કાનમાં સરસિયાના તેલના ટીપા નાખવાથી ભાંગનો નશો ઉતરે છે.
- બેચાર જમરૂખ ખાવાથી ભાંગનો નશો ઉતરે છે.
- આમલીને પાણીમાં પલાળી, મસળી, ગાળીને પીવાથી ભાંગનો નશો ઉતરે છે.
- ખજૂર પાણીમાં પલાળી મસળીને પીવાથી દારૂનો નશો ઉતરે છે.
- કાકડી ખાવાથી અથવા કાકડી અને કાંદાનો રસ પીવાથી દારૂનો નશો ઉતરે છે.
- એક રૂપિયાભાર જેટલી ફટકડી પાણીમાં ઓગાળી પીવાથી દારૂ પીને લથડીયા ખાતા બેભાન બનેલા તરત ભાનમાં આવે છે અને નશો ઉતરે છે.
- ચાર રૂપિયાભાર જેટલો ગોળ દસ રૂપિયાભાર પાણીમાં ઓગાળી પીવાથી દારૂ પીને ચકચૂર બનેલા ભાનમાં આવે છે અને નશો ઉતરે છે.
- મીઠાવાળું પાણી પીવાથી નશો ઉતરે છે.